SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 11. ઉત્તર ગુજરાતના રાવત સમાજના લોકગીત અને લગ્નગીત

*ડૉ.અબ્બાસઅલી એચ. સુથાર*

## ❖ પૂર્વભૂમિકા :

લોકસાહિત્ય લોકો વડે અને લોકો દ્વારા અને લોકો માટે રચાતું સાહિત્ય હોય છે. લોકસાહિત્યમાં આવતો સમગ્ર માનવસમાજની લોકસંસ્કૃતિ, લોકતહેવારો, લોકમાન્યતાઓ વગેરેનો સમાવેશ થાય છે. દરેક માનવ સમાજની અલગ અલગ વિશેષતાઓ હોય છે. જેમાંની લોકસાહિત્યની વિશેષતા આપણને ધ્યાન ખેંચે છે. માનવી જન્મથી લઈને મૃત્યુ સુધી અનેક પ્રંસગોમાં રાચતો હોય છે અને મનની ઊર્મીઓના સહારે જીવનમાં લાલિત્ય લાવે છે. આ જીવનનું લાલિત્ય તેને સાહિત્યથી આવે છે. સાહિત્યથી માનવી મનોરંજન, બોધ, નૈતિકતા તથા વિદ્યા પ્રાપ્ત કરે છે.

ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લામાં રાવત સમાજ રહે છે. જે ભારતના બંધારણ મુજબ અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંક સેનમા, ચેનવા, સેડમા, રાવત એ પ્રમાણે જાતિઓ દર્શાવવામાં આવી છે. ખાસ કરીને રાવત સમાજ ગુજરાતના સુરેન્દ્રનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમદાવાદ અને ગાંધીનગર જીલ્લામાં 'સેનમા' નામે ઓળખાય છે. રાવત સમાજમાં બીજા સમાજની જેમ આ સમાજ પણ લોકસાહિત્યમાં આગવી વિશેષતા ધરાવે છે. જે આ સંશોધનપત્રમાં મહેસાણા જિલ્લાના રાવત સમાજના લોકગીત અને લગ્નગીતોની અભ્યાસ કરવામાં આવ્યો છે.

## ❖ લોકસાહિત્ય :

લોક એટલે સમાન પરંપરા ધરાવતો નિશ્ચિતભૌગોલિક ક્ષેત્રમાં નિવાસ કરતો માનવસમૂહ. સામાન્ય રીતે તો એમાં ગ્રામીણ એવાઅલ્પશિક્ષિત જનસમાજનો એકમ – એવો અર્થ લેવામાં આવે છે; પરંતુલોકવિદ્યા(folklore)માં જેનો સમાવેશ થાય છે તે લોકસાહિત્ય, લોકસંગીત, લોકનૃત્ય, લોકનાટ્ય, લોકચિત્રકલા, લોકકસબ, લોકમાન્યતા વગેરેમાં 'લોક' શબ્દઅંગ્રેજી Folkનો સ્વીકૃત એવો ગુજરાતી પર્યાય છે અને એની વિભાવના પણ નિશ્ચિતછે.

'લોક' શબ્દ 'પ્રજા' કે 'જાતિ'થી જુદો છે.'નાગરિક', 'પ્રજા', 'જાતિ' વગેરેનો સંબંધ નિશ્ચિત એવા ભૌગોલિક ક્ષેત્ર સાથેછે. આવી બધી જ જાતિઓ અને પ્રજાઓનો સમાવેશ 'લોક'માં થાય છે. 'લોકાપવાદ', 'લોકાશ્રય' વગેરેમાં 'લોક' શબ્દનો નિશ્ચિત 'ભૌગોલિક ક્ષેત્રમાં વસવાટ કરતીઅનુશાસિત પ્રજા' એવો અર્થવિસ્તાર થયો અને એમાં નાગરિક અને ગ્રામીણ તથાવનવાસી – એવી ત્રણેય પ્રજાઓનો સમાવેશ થયો. આર્યકુળના અંગ્રેજી અને જર્મનજેવી ભાષાઓના Folk અને Volk શબ્દોની લોકસમૂહની વાચક એવી સંજ્ઞાનીઅર્થચ્છાયા પણ આ રીતે બદલાતી ગઈ. ગુજરાતીમાં 'લોક', 'લોકાં' વગેરેમાં જેમતિરસ્કારનો ભાવ છે તેમ અંગ્રેજીમાં પણ you folk જેવા પ્રયોગોમાં 'લોક' એટલે 'નિમ્ન સ્તરના અલ્પશિક્ષિત લોકોનો સમૂહ' એવો અર્થ જોઈ શકાય છે.

## ❖ લોકસાહિત્યના વિવિધ સ્વરૂપો :

'લોકસાહિત્ય'એ પશ્ચિમમાંથી ઉતરી આવેલો સાહિત્ય પ્રકાર છે. પરંતુ ગુજરાતમાં ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીનો પૂર્વાર્ધમાં તેનો વિકાસ ભરપૂર માત્રામાં થયેલો જોવા મળે છે. ગુજરાતમાં વીસમી સદીમાં મુદ્રણકલાનો વિકાસ થયો અને ત્યાર પછી અર્વાચીન યુગમાં લોકસાહિત્ય પ્રચલિત બની ગયું અને ગુજરાતી લોકસાહિત્યના વિવિધ સ્વરૂપોઅસ્તિત્વમાં આવ્યા. જે સાહિત્ય સ્વરૂપો તે નીચે પ્રમાણે છે : (૧) ગદ્ય(૨) પદ્ય(૩) ગદ્ય-પદ્ય મિશ્રિત.

## ❖ લોકસાહિત્યના પદ્ય સ્વરૂપો :

લોકસાહિત્યનું લોકગીત સ્વરૂપ ખુબજ પ્રખ્યાત છે. જે દરેક સમાજના લોકો પાસેથી મળી આવતું હોય છે. લોકસાહિત્યનાં પદ્ય સ્વરૂપોમાં જે સ્વરૂપો ગાઇને જે અંતરની ઊર્મિઓને વ્યક્ત કરવામાં આવે તેને પદ્ય સ્વરૂપો આવે છે. લોકસાહિત્યના પદ્ય સ્વરૂપો આપણે નીચે મુજબ જોઈ શકાય.

(૧) લોકગીત(૫) પાચકડાં

(૨) દુહો-સોરઠો(૬)જોડકણા

(૩) હાલરડાં(૭)લગ્નગીતો

(૪) મરસિયા(૮) લોકભજનો-પદો

❖ **લોકગીત :**

લોકગીતો દ્વારા દરેક સમાજના લોકો પોતાની લાગણીઓ, ભાવનાઓ, ઊર્મીઓ અને વ્યથાઓ અભિવ્યક્તિ કરતા હોય છે. લોકગીત એ લોકસાહિત્યનું મહત્વનું સાહિત્યસ્વરૂપ છે. લોકગીત સંજ્ઞાને અંગ્રેજીમાં 'Folfolk song' કહેવામાં આવે છે. ડૉ. હસુ યાજ્ઞિક લોકગીત વિશે નોંધે છે કે, "જે રચનાઓ વિશ્વના મોટાભાગના બધા જ પ્રદેશોમાં, એમાં વસતી જાતિ કે જાતિઓ દ્વારા ગવાતા આવે છે. અને જેમનો કોઈ એક રચયિતા નિશ્ચિત કરી શકાતો નથી, તેવી રચનાઓને લોકગીત કહેવામાં આવે છે." આવી રચનાઓ લોકપરંપરામાં કંઠોપકંઠ રીતે વહેતા રહે છે. લોકગીત તે જે તે જ્ઞાતિ-પ્રદેશ-પસંગ અને સમય પ્રમાણે સતત બદલાતું રહે છે. પરિવર્તનશીલ છે, એટલુ જ નહિ, તે લોકોનું સહિયારું સર્જન છે. અને લોકસમૂહ તેમાં ગાતા ગાતા નવી પંક્તિઓ ઉમેરતો અને જોડતો જાય અને પછી તેમાંથી એક નવું લોકગીત પ્રગટ થાય છે. એ વિશે ઝવેરચંદ મેઘાણી નોંધે છે કે, " જેના રચનારાએ કદી કાગળ અને લેખન પકડ્યા નહિ હોય, રચનારા કોણ તેની કોઈને ખબર નહિ હોય, અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ વિંધીને આ સ્વરો ચાલ્યા આવે છે તેની કોઈ ભાળ નહીં લઇ શક્યું હોય એનું નામ લોકગીત."

લોકગીત એ જનસમૂહમાંથી પ્રગટીઆવેલું એવું અમૂલ્ય અને મહત્વનું સ્વરૂપ છે. તે માનવજાતિની મોંઘી મિરાત છે. લોકગીતમાં માનવ મનના ભાવોનું સાહજિક રીતે નિરૂપણ થાય છે. માણસને જો કઈ વ્યક્ત કરવું હોય તો તે લોકગીતના માધ્યમે તેને વ્યક્ત કરતો જોવા મળતો હોય છે. તેની વાત સરળતાથી અન્ય સુધી પહોચતી એમ માની શકાય.

લોકગીતનો ઋતુચક્ર, જીવનચક્ર, અને લોકજીવન સાથે ઘણો જૂનો સબંઘ રહેલો છે. ઋતુચક્ર અને જીવનચક્રમાં ફેરફાર થતા તેમાં ઘણા લોકગીતો ગવાતા જોવા મળે છે. જે સમાજજીવનનો મહત્વનો આધાર છે. અને આ લોકગીતોમાં સ્ત્રીની ભૂમિકા તે અગત્યની બનવા પામે છે. તેમાં સ્ત્રીનાં મનોભાવોને રજુ કરતા ઘણા લોકગીતો પ્રાપ્ત થાય છે. સ્ત્રીએ સંસાર જીવનની વ્યવસ્થાનો મહત્વનો આધાર છે એમના જીવનની વિવિધ અવસ્થાઓનું નિરૂપણ લોકગીતમાં વિવિધ રીતે થયેલું જોવા મળે છે. સ્ત્રી જ્યારે એક દીકરી હોય છે ત્યારે તેના મનમાં વર માટેની ચાલી રહેલી જિજ્ઞાસા તે દાદાને લોકગીતના માધ્યમે રજુ કરે છે. બીજી તરફ સ્ત્રીએ સહનશીલતાની મૂર્તિ છે. સ્ત્રીને જે જે દુ:ખો, તકલીફો પડે તેને તે મૂંગા મોઢે સહન કરે છે અને પોતાના દર્દને લોકગીતના માધ્યથી માતા-ભાઇ અને પતિને કહે છે. તે પોતાના દુ:ખને શબ્દો દ્વારા વર્ણવી શકતી નથી, તેથી તે લોકગીતનો સહારો રજુ કરતી જોવા મળે છે.

- લોકગીતનું વહન લોકસાહિત્યના બીજા સ્વરૂપોની જેમ કંઠોપકંઠ થતું આવ્યું છેજૂની પેઢી વરસોથી પોતાના કંઠમાં . અને નવી પેઢી તેને પોતાની સ્મરણશક્તિમાં સાચવી તેમાં .સચવાયેલ લોકગીતને વારસા સ્વરૂપે નવી પેઢીને આપે છે .પોતાની રીતે નવી કડીઓ ઉમેરીને એ વારસાને આગળ ધપાવે છે
- લોકગીતનો રચઈતા તે અજ્ઞાત જ રહ્યો છેપરંતુ તે કોઇ .કોઇક ગીત કોઇ એક વ્યક્તિના અનુભવમાંથી પ્રગટ્યું હોય છે . .એક વ્યક્તિનું ગીત ન બની રહેતા સમગ્ર જનસમાજનું ગીત બની રહે છે
- લોકગીત કંઠોપકંઠ વહેતું આવ્યું છેપેઢી દર પેઢીથી સચવાયેલ લોકગીતનો લોકવ .એ ચારે દિશાઓમાં ફેલાયું છે .ારસો સદાયને માટે અમર રહ્યો છે.
- લોકગીત પરિવર્તીય છેજે તે જ્ઞાતિ ., પ્રદેશ, પ્રસંગ કે સમય અનુસાર તેમાં પરિવર્તન આવતું રહે છે.
- લોકગીત લોકો વડે, લોકો માટે, લોકો દ્વારા રચાયેલું છેલોકગીત એ કોઇ એક વ્યક્તિનું સર્જન નથી ., તેમાં સમગ્ર જનસમુદાયના કેન્દ્ર સ્થાને હોય છે.એથી જ તો તે લોકોનું સહિયારું સર્જન બની રહે છે .
- લોકગીત તે ગેય સાહિત્ય સ્વરૂપ છે, તેમાં રહેલો ગીત શબ્દ તે ગાવા માટેની સૂચના આપે છેઆમ ., લોકગીતમાં રહેલી ગેયતા સંગીત અને લય પર આધારિત હોય છે.

❖ **લગ્ન ગીતો :**

લગ્ન સમયે ગવાતા ગીતો તે લગ્નગીતો. ભારતીય સંસ્કૃતિમાં લગ્નને એક સંસ્કાર તરીકે જોવામાં આવે છે. જીવનનો એક સંસ્કાર છે. લગ્ન એ પવિત્ર બંધન છે. લગ્ન એકમેકને સુખ- દુ:ખમાં સાથ આપવાના વચન લેવાય છે. લગ્ન એ વર અને કન્યાને જ પવિત્ર બંધનમાં નથી બાંધતા પણ તેની સાથે સાથે તેમના પરિવારને પણ જોડી દે છે, બાંધી દે છે. જે ઘરમાં લગ્ન હોય છે તે ઘરમાં લગ્નના આગળના દિવસથી

માંડીને વિદાય સુધી ઘરનું વાતાવરણ આનંદ ઉલ્લાસથી હર્યું-ભર્યું બની રહે છે. લગ્નની દરેક વિધિ પ્રમાણે અલગ અલગ ગીતો ઘરમાં ગવાય છે. જે નીચે રજૂ કરવામાં આવ્યા છે. અહી પ્રસ્તુત લગ્નગીતો તે માહિતીદાતા પાસેથી સાંભળીને લિપિબદ્ધ કરવામાં આવેલ છે.

❖ **સાંજીના ગીતો અને પીઠી ચોળવાના ગીતો :**

સાંજીના ગીતો લગ્ન લખાયા પછી ગવાતા હોય છે. આ ગીતો સાંજના સમયથતા આવા ગીતો ગવાતા હોવાથી તેને સાંજીના ગીતો કહેવામાં આવે છે. રાવત સમાજમાં આ વિધિને પીઠી ચોળવાની વિધિ પણ કહેવામાં આવે છે. લગ્ન લેવાઈ ગયા બાદ કુટુંબના લોકો દરરોજ રાત્રે વર કે કન્યાના ઘરે ભેગા થાય છે અને વર કે કન્યાને કુટુંબની સ્ત્રીઓ પીઠી ચડાવતા - ચડાવતા આ ગીતો ગાય છે જેમ કે,

"પીઠી પૂજો રે વર બેઠો પાટલે,
પીઠી ચડાવો રે, વર બેઠો પાટલે,
વરની બેન ને બુલાવો રે, વર બેઠો પાટલે..."

❖ **ગણેશ બેસાડવાના ગીતો :**

લગ્નના દિવસે ઘરમાં ગણપતિની સ્થાપના કરવામાં આવે છે, ત્યારે ગણેશ બેસાડવાના ગીતો ગાવામાં આવે છે. જેમ કે,

"દુંદે દુદાળા, ગણપતીને બેહાડો
ગણપતી ને બેહાડો..."

❖ **તોરણ વધાવવાના ગીતો :**

લગ્નની સવારે કે સાંજે મુહુર્ત પ્રમાણે તોરણ વધાવવાની વિધિ કરવામાં આવે છે. આ વિધિ અંતર્ગત ઘરની મોભી સ્ત્રી ગોરને કંકુ-ચાંલ્લો કરે છે, અને ગોળ ખવડાવે છે. ત્યાર પછી બીજી સ્ત્રીઓ જેવી કે દેરાણી, જેઠાણી તે એક પછી એક આવીને ગોર મહારાજને ચાંલ્લો કરી, ચોખા વધાવી, ગોળ ખવડાવીને મોઢું મીઠું કરાવે છે. ત્યારબાદ ગોર કે મહારાજ સગાઓના ઘરે જઇ આસોપાલવના તોરણ બાંધે છે. પરંતુ બધાજ સમાજમાં આજ પ્રકારની રીત જોવા મળે તે સ્વાભાવિક નથી કારણ કે જુદા જુદા સમાજમાં પોતાની ભિન્ન ભિન્ન રીતો હોય છે. જેમકે આદિવાસી સમાજમાં આ વિધિમાં વર જ્યારે માંડવા નીચે આવે ત્યારે વાંસ અને આંબાના પાનની તોરણ બનાવવામાં આવે છે અને વરને તે તોરણ ને તલવારનો સ્પર્શ કરાવી માંડવામાં પ્રવેશ કરવો પડતો હોય છે. તે સમયે ગવાતા ગીતો...

"હૂતો પોખું મારા હીરલાના કુવરને
તમે આવો માંડવે ઉપર રાખી તલવાર"

❖ **મહેંદીના ગીતો :**

દરેક સમાજને પોતાની જુદી જુદી રીતો હોય છે તે પ્રમાણે તેઓ વિધિવત પ્રસંગને આગળ ધપાવતા હોય છે. મહેંદીનો પ્રસંગ ખાસ કરીને કન્યા માટે હોય છે આ પ્રસંગે ગવાતા ગીતો ખાસ કરીને જ્યારે મહેંદીનું પૂજન થઇ જાય અને વર કે કન્યાના હાથમાં લાગી જાય ત્યારબાદ નાચતા જઈને લોકો ગીતો મહેંદીના ગીતો ગાતા હોય છે. જેમ કે,

"મેંદી લેશું, મેંદી લેશું,
મેંદી મોટા ઝાડ,
એક હલાવું ડાળ ત્યારે હલે ચાર,
સૈયર મેંદી લેશું રે..."

❖ **માંડવાનાં ગીતો :**

મહેંદીના પ્રસંગ બાદ બીજા દિવસે રાત્રે કન્યા સાજ-શણગારો સજીને માંડવામાં આવે છે. કેટલાક સમાજમાં આ પ્રસંગ અને મામેરાનો પ્રસંગ સાથે થતો હોય છે, જેમકે ઉત્તર ગુજરાતમાં મહેસાણામાં વસવાટ કરતા રાવત સમાજ અને અન્ય કેટલાક સમાજો, અને કેટલાક સમાજોમાં માંડવાનો પ્રસંગ અલગ થાય છે. ગીત અને મામેરાનો પ્રસંગ વર-કન્યાના લગ્ન પૂર્ણ થાય પછી કરવામાં આવે છે. અને તે પ્રસંગે જે ગીતો ગવાય તેમાં એક ગીત અચૂક યાદ આવે કે,

"નાણાવટી રે સાજણ બેઠું માંડવે
એવા ભર સભામાં રાજા... (૨)
એવા વર કન્યાના દાદા... (૨)
નાણાવટી રે સાજણ બેઠું માંડવે..."

❖ **ચોરી ફેરાના ગીતો :**

વર અને કન્યા જ્યારે મંડપમાં સપ્તપદીના વચન લેતા હોય છે, તે સમયે ગવાતા ગીતો....

"પહેલું મંગળિયું વર્તાય રે,
પહેલે મંગળ શેના રે દાન દેવાય રે"

❖ **કન્યાવિદાયના ગીતો :**

કન્યા જ્યારે પોતાના ઘરને, પોતાના માતા-પિતા, ભાઈ-બહેનને, સખીઓને અને સગા-વ્હાલાઓને છોડીને સાસરે જાય છે. ત્યારે ગવાતા ગીતો...

"અમે દીકરી દઈને તમારો દીકરો રે પામ્યા,
લાખ પાડ અમારા ચઢાવો રે, વેવાણ ! એને હેતે સ્વીકારજો"

❖ **ફટાણા :**

ફટાણા તે લગ્નગીતો નો જ એક પ્રકાર છે અથવા એક ભાગ છે એમ કહી શકાય. તે લગ્ન સમયે મજાક-મશ્કરીરૂપે ગાવામાં આવે છે. તેને વિનોદ ગીતો પણ કહેવામાં આવે છે. પહેલાના સમયમાં લગ્ન સમયે ફટાણા ગાવાની પણ એક પ્રથા હતી, રિવાજ હતો જે લગ્ન પ્રસંગને મજેદાર બનાવી દેતા. એ વિશે સ્પષ્ટતા કરતા પુન્ડલિક સી. પવાર નોંધે છે કે, "લગ્નગીતોમાં ફટાણાની આગવી મજા હોય છે. ફટાણા વગર લગ્ન અધૂરૂં અધૂરું લાગે છે. ફટાણા એ લગ્નગીતોની એક સમૃદ્ધ પરંપરા છે. ફટાણા દ્વારા વરના માતા-પિતા તેમજ વરને ગાળોની ફિટકાર વરસાવવામાં આવે છે. ફટાણામાં ગાળો દેવાતી હોવા છતાં તે લગ્નપ્રસંગે મીઠી લાગતી હોય છે."

"કલેડા જેવો વોર કીહો લાવજા વિવાઈ રે,
ઠીંગણો વોર કીહો લાવજા વિવાઈ રે,
ભેંસ જેવો જાડો વોર કીહો લાવજા વિવાઈ રે..."
"જેવા માછલી ગંધાય એવા રમેશ ભઈ ગંધાય"
"કાળી શ ક ધોરી શ કન્યા માર જોવી શ."

આમ, લગ્નગીતો,ફટાણા એ આપણી લોકસંસ્કૃતિનો એક ભાગ છે. તેમાં મધુર સંગીતત્વ હોય છે. જે વર અને કન્યાના મનમાં પ્રેમની લાગણી જગાવે છે. તથા આ ગીતો તે લગ્નના માંગલ્ય અવસરને પ્રેમભર્યો આનંદ અને ઉલ્લાસભર્યો બનાવી દે છે.

❖ **ઉપસંહાર-:**

ગુજરાતી લોકસાહિત્ય ખુબજ વિશાળ અને વિવિધ સાહિત્ય સ્વરૂપોથી ભરપુર છે. છેલ્લાદાયકામાં ગુજરાતી સાહિત્યમાં થયેલ ખેડાણ વિપુલ છે. લોકસાહિત્ય ગુજરાતી સાહિત્યનું અવિભાજ્ય અંગ બની ગયું છે. ઘણા સમય પહેલા ગુજરાતી સાહિત્યમાં લોકસાહિત્યમાં થયેલ સંશોધન અને ખેડાણ ખુબજ નહીવત હતું, પરંતુ આજના સમયમાં લોકસાહિત્ય પોતાનું આગવું અને મહત્વનું સ્થાન ધરાવી ચુક્યું છે. લોકગીતો આજે લોકોના કંઠે સચવાયેલા છે. અને લોકો અવારનવાર તેમના સામાજિક પ્રસંગે ગાતા હોય છે, જેમાં ભજનો, હોળીના ગીતો, જન્મ સમયના ગીતો વગેરે જેવા લોકગીતો પ્રચલિત છે.

અહી રાવત સમાજના લગ્નગીતોનો અભ્યાસ કરતા જાણવા મળ્યું કે આજે ૨૧મી સદીમાં આધુનિક શિક્ષણ અને શહેરીકરણના પરિવર્તનના કારણે લગ્નગીતો ભૂસાતા જાય છે. પરંતુ રાવત સમાજ તેમનો આ વારસો શબ્દબદ્ધ થાયતો આવનાર પેઢીને એક નવું અમૂલ્ય સાહિત્ય મળી શકે તેમ છે એવું મારું માનવું છે.

❖ **સંદર્ભગ્રંથ સૂચિ**

(૧) 'ચંપાની કળીઓમાં કસ્તૂરી',પ્રકાશકઃ અમૃત પટેલ પોતે, આવૃત્તિઃ ૧૯૯૨

(૨) 'વીરડો', સંઃનરોત્તમ પલાણ, જૂનઃ૧૯૮૧

(૩) 'લોકસાહિત્ય આલોક', સં.જસવંત શેખડીવાળા, પ્રકાશકઃપાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, આવૃત્તિઃ૧૯૯૭

(૪) 'લોકવિદ્યાવિજ્ઞાન', સં. હસુ યાજ્ઞિક, પ્રકાશકઃયુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ૨૦૦૧

(૫) માહિતી દાતા